# આણંદ ખાતે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, આઈ.સી.એ.આર.-સીફા, આણંદ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સહયોગથી તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૮ના રોજ અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે "રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિન"ની ઉજવણી કરવામાં આવેલ જેમાં મત્સ્ય ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ મળી ૧૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. એન. સી. પટેલે ૨૦૨૨ સુધીમાં મત્સ્યખેડુતોની આવક બમણી કરવા માટેના મુદ્દાઓની ખેડુતો સાથે તલસ્પર્શી ચર્ચા કરી હતી અને માછલીના મુલ્યવર્ધન દ્વારા વધુ આવક રળવા પર ભાર મુક્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન એવા જીલ્લા વિકાસ અધિકારીશ્રી અમીત પ્રકાશ યાદવ દ્વારા આણંદ જીલ્લાના મત્સ્યખેડુતો માટે 'મત્સ્ય સરલ' નામની એક મોબાઇલ એપ શરુ કરવામાં આવેલ. હાજર રહેલા ખેડુતો અને અધિકારીશ્રીઓ સમક્ષ આ મોબાઇલ એપ ઉપયોગ કરવાની જાણકારી આપવામાં આવેલ. જેના વિષે જીલ્લા વિકાસ અધીકારીશ્રીએ તેના વક્તવ્યમાં જણાવેલ કે આ એપ થી મત્સ્યખેડુતો પોતાના તળાવની માછલીને સરળતાથી જલ્દી અને સારી કિંમતે વેચી શકશે. તેમજ એકબીજાની સાથે માછલીના વેચાણની માહિતીનું આદાન પ્રદાન કરી શકશે

ઉદ્ઘાટન સમારોહની શરૂઆતમાં ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, મત્સ્ય ખેડૂતો અને ભાગ લેનાર સૌનું હાર્દીક સ્વાગત કર્યું હતું ડૉ. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ.-સીફાએ આ દિવસની અગત્યતા સમજાવતા કહ્યુ કે પ્રેરીત પ્રજનન તકનીક દ્વારા સફળતાપૂર્વક બીજ ઉત્પાદન કરવાની સિધ્ધીએ ભારતમાં નીલ ક્રાંતી લાવવામાં મહત્વની ભૂમીકા ભજવી જેનાથી મત્સ્ય ઉત્પાદનમાં પણ વધારો લાવી શકાયો. શ્રી ડી.આઇ. સુતરીયા, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, આણંદે જીલ્લામાં ચાલતી મત્સ્ય ઉછેરની પ્રવૃતિઓનો ચિતાર આપ્યો હતો. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક શ્રી એન. કે. દવે, વડોદરાએ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા આપવામાં આવતી જુદી જુદી યોજના અને સબસીડીઓનો લાભ લેવા પર ભાર મુક્યો હતો નાયબ મત્સ્યોદ્યોગ નિયામક શ્રી. એન એફ. પટેલે મત્સ્ય ખેડુતોને રાજ્યમાં માછલીનું ઉત્પાદન વધારવા આઇ.સી.એ.આર. તથા રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓ દ્વારા ભલામણ થયેલ તકનીકો અપનાવવા સુચન કર્યુ હતુ

ડો. અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ, આણંદે તાંત્રિકતાઓના પ્રસાર માટે વિસ્તરણ પ્રવૃત્તિઓ અને સંદેશા વ્યવહારની અસરકારક રીતો જણાવેલ કાર્યક્રમ દરમિયાન ગુજરાતીમાં રંગબેરંગી માછલીઓના વ્યવસાય પર એક માર્ગદર્શક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત જીલ્લાના પાંચ સફળ મત્સ્યખેડૂતોનું સન્માન કરવામાં આવેલ. આ ઉપરાંત જીલ્લા પંચાયત, આણંદ દ્વારા લેવાયેલ નિબંધ સ્પર્ધા "તળાવો- ગામડાના વિકાસ રથ" માં વિજેતા બનેલ સ્પર્ધકોને મહેમાનો દ્વારા કેશ પ્રાઇઝ આપવામાં આવેલ.

આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કુશલ પટ્ટીબંધા, મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, આણંદ તથા શ્રી જૈમિન એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ), કે.વી.કે., દેવાતજ દ્વારા કરવામાં આવ્યું હતું ડૉ. અજીત ચૌધરી, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, સીફા, આણંદ દ્વારા કાર્યક્રમને અંતે આભારવિધી કરવામાં આવેલ.


NATIONAL FISH FARMERS DAY
VENUE : ANIKET FARMERS HOSTEL, AAU, ANAND


NATIONAL FISH FARMERS DAY
(રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ)
DATE : 10 JULY, 2018
Launching of "Matsya Saral" App
Matsya Saral
VENUE : ANIKET FARMERS HOSTEL, AAU, ANAND


NATIONAL FISH FARMERS DAY
DATE : 10 JULY, 2018
Matsya Saral
DR ARUN PATEL





